વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ નવેમ્બર, ૨૦૨૨ Vol. 16 No.11

# પ્રારબ્ધ
# કે
# પુરુષાર્થનો અભાવ ?



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

શીવલીંગ પર
દુધ ધારાનો અભીષેક કરતા
ભકતે
આત્માનો અવાજ સાંભળ્યો,
અભીષેક કરવાને બદલો
દુધ
રંક બાળકોને
પાવા આપ્યો.
આપણો સાચો માનવધર્મ છે !'

ગણેશની મુર્તી કદી દુધ પીતી નથી. કેશાકર્ષણ ગુણને લીધે થોડા જથ્થામાં દુધ મુર્તીમાં શોપાતું હોય છે.આવી અફવાથી દુર રહેવું જોઈએ !

સ્વજનોના મૃત્યુ પછી ક્રીયાકાંડને તીલાંજલી એ જ સાર્થક શ્રદ્ધાંજલી છે. કવચીત્રી લતા હીરાણી લખે છે :

કાંઠે થતાં
ક્રીયાકાંડો કેટલા બાલીશ
અગાધ જળની
ભવ્યતા આગળ !'

---

**જાદવ પુછે છે**

- આપણા એક મંત્રી જાદવ વેકરીયા પુછે છે : માણસની આખરી ખોજ શું છે ?
- સ્વર્ગ, નર્ક, મોક્ષ, પુનર્જન્મ અને પુર્વજન્મ જેવું કશું નથી. ખુદા, ગોડ, ભગવાન માત્ર કલ્પના છે. આથી જે કાંઈ જીંદગી માણસને મળી છે તે પહેલી અને છેલ્લી છે. આથી માણસની ખોજ તો આ જ જીંદગીમાં મહત્તમ નીર્ભેળ આનંદ મેળવવાની જ હોય. નીર્ભેળ એટલે અન્યોને દુઃખ પહોંચાડ્યા વીનાનો આનંદ. શોખ, પ્રવાસ, વાંચન, લેખન, સેવાકાર્ય, કળા, વીજ્ઞાન જેવાં અનેક ક્ષેત્રો છે તેમાં માણસ નીર્ભેળ આનંદ પ્રાપ્ત કરી શકે છે.
- સ્વમાનભેર અને સંતોષથી જીવી શકાય એટલી આજીવીકા મેળવવાના પ્રયત્નોમાં સમય પછી બચતા સમયમાં પોતાની પસંદગીનું આવું કોઈ પણ ક્ષેત્ર પસંદ કરી માણસ નીર્ભેળ આનંદ પ્રાપ્ત કરી શકે છે. આ મેળવવા માટે જો રેશનાલીઝમ અપનાવવામાં આવે તો સોનામાં સુગંધ ભળશે !

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ નવેમ્બર, ૨૦૨૨ | સળંગ અંક : ૩૭૨ | Vol. 16 No. 11

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## પ્રારબ્ધ કે પુરુષાર્થનો અભાવ ?

**–સુર્યકાન્ત શાહ**

મોરબીના ઝુલતા પુલના તુટવા જેવી દુર્ઘટના બને છે ત્યારે મહદ્અંશે બે પ્રકારના પ્રારબ્ધવાદીઓ સક્રીય બને છે. એક, 'એવું કેમ બન્યું કે બીજા કોઈનો નહીં પણ તમારો જ લાડકવાયો તે જ સમયે પુલ પર ગયો ? એના પ્રારબ્ધમાં જ એ હતું કે નીયત સમયે, નીયત સ્થળે, કાળ એનો કોળીયો કરે, અને કાળે તે પ્રમાણે કર્યું.' બે, 'તમારા પતી એમના મીત્ર સાથે એ પુલ પર જવાના હતા ત્યારે જ કેમ એવું બન્યું કે એમના સ્કુટરના ટાયરમાં પંચર પડયું ? એમના પ્રારબ્ધમાં જ લખેલું હતું કે હજી એ જીવે.' બન્નેના જવાબમાં ભોળીયા નાગરીકો જવાબ આપતા હોય છે. 'હા...ઉપરવાળાની ઈચ્છા !' આમ, પ્રારબ્ધનું માર્કેટીંગ કરનારાને અનુરુપ નાગરીકો મળી જાય છે તેથી આવી દુર્ઘટનાના મુળ કારણમાં ઉતરવાની જીજ્ઞાસા મરી જાય છે. નજર સમક્ષ દુર્ઘટનાના કર્તાઓ દેખાતા હોય, છતાં એમના પરત્વેનો અપેક્ષીત ગુસ્સો ઉજાગર જ થતો નથી. પ્રીય જન ગુમાવ્યાનાં થોડાં હીબકાં અને પુનઃ એવી દુર્ઘટના નહીં બને તે માટેની પ્રાર્થના, બંદગી કે પ્રેયર નામની રુપાળી ભીખના દોર ચાલુ થઈ જાય છે. એ પ્રાર્થનાને પગલે પગલે અનેક ક્રીયાકાંડના ધતીંગ ચાલુ થઈ જાય છે. જેનું અસ્તીત્વ જ નથી એ 'સદ્ગત' આત્માના કલ્યાણ માટે જાતજાતના કાર્યક્રમો યોજાય છે. ખુબ જ સીફતથી મુળ

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

કારણ શોધવા અને જવાબદારો પરથી લોકધ્યાન ખસેડી નાંખવામાં આવે છે. પ્રારબ્ધવાદીઓ જીજ્ઞાસા અને ઉત્તરદાયીત્વ બન્નેની ગળચી મચડી નાંખે છે. મોરબીની દુર્ઘટના અને પ્રારબ્ધવાદીઓની સક્રીયતા, તો એક ઉદાહરણ છે. આવાં સંખ્યાબંધ ઉદાહરણોએ આપણી ભોળી પ્રજાને નીર્માલ્ય બનાવી દેવામાં સીંહફાળો આપ્યો છે.

**સ્થાપીત હીતો**

લોકોના લોહીનું એક ટીપુ પાડયા વીનાનાં શોષણોની તો નોંધ લેવાતી જ નથી, પરંતુ સેંકડો લાશોના ઢગલા વચ્ચે પણ એ લાશોના જનકને ઓળખવા દેવામાં આવતો નથી. છેલ્લાં પચ્ચીસ વર્ષની જ આ દુર્ઘટના જેવી અન્ય દુર્ઘટનાઓ દરમીયાન રચવામાં આવતા કારસા તેમ જ પ્રારબ્ધના ગવાતાં ગુણગાનને તપાસવામાં આવશે તો દેખાશે જ કે દુર્ઘટના-જનકો લોકનજરમાં આવે નહીં તે માટેના વ્યવસ્થીત પ્રયત્નો થતા હોય છે. આપણું બંધારણ અને એમાંથી તૈયાર કરવામાં આવેલા કાયદાઓએ ગુનેગારોને પકડવા માટે પોલીસને ફરજદાર બનાવી છે. આપણે ત્યાં પોલીસ સ્વતંત્રપણે કામ કરતી જ નથી. પરીણામે પોલીસ જાણતી હોવા છતાં મુળ ગુનેગારને પકડી શકતી નથી. છીંડે જે ચોર ઉભેલો હોય કે જેમાંના મોટા ભાગના એમની નજર સમક્ષ બનતી દુર્ઘટનાથી હતપ્રભ થઈ ગયા હોય છે એમને પકડે છે. તેમ જ એમને સજા થાય તે જુએ છે ! ન્યાયતંત્રમાં જેટલી સ્વતંત્રતા બચી છે તેના થકી એ સજા ફરમાવે છે. મોરબીની દુર્ઘટનામાં પણ આ લખાય છે ત્યાં સુધી તપાસ, ધરપકડ અને ન્યાયતંત્રની કાર્યવાહી એ જ દીશામાં આગળ વધતી દેખાય છે. મુળ ગુનેગારને ભાગી જવાથી માંડી એની સુરક્ષા સુધીની તજવીજ થતી હોવાનું દેખાયું છે.

આવા ગુનેગારો અને એમને 'રક્ષણ' આપનારાઓ ઈચ્છે જ છે અને તે માટે મોટા પાયા પર કાર્યક્રમો આપે છે કે અવાસ્તવીક એવા ઈશ્વર, ખુદા, ગોડની ઈચ્છા સમક્ષની લાચારીને અસરીતો અને સામાન્ય જનતા કબુલે. ભ્રષ્ટાચારીઓ, મુડીવાદીઓ અને ધાર્મીક આગેવાનો પ્રારબધવાદને હમેશાં પોષતા હોય છે. એમની સમાજવીરોધી પ્રવૃત્તીઓ માટે પ્રારબ્ધ એમનું ખુબ અસરકારક હથીયાર છે. 'પ્રારબ્ધ' એમનું સ્થાપીત હીત છે.

પુલનું સમારકામ કરવામાં નીયમો અને ધોરણો પ્રમાણે જે પુરુષાર્થ કરવો જેઈએ તે થયો નહીં. પરીણામો સેંકડોના જાન ગયા. આવા સાદા સમીકરણને સ્વીકારીને તદ્‌નુસાર તપાસ વગેરેની કાર્યવાહી થતી જ નથી. દુર્ઘટના બની ગયા પછીનું કીંમતી અઠવાડીયું જાણી સમજીને સ્થાપીત હીતોએ બગાડવાના સફળ પ્રયત્નો કર્યા. પુલ પર કોણ ગયું અને મરી ગયું, કોણ નહીં ગયું અને બચી ગયું એ પ્રારબ્ધવાદી સવાલોનું આ દુર્ઘટનામાં સ્થાન જ નથી.

(વધુ પાના નં. -૪ ઉપર)

# સભાની પ્રવૃત્તીઓ – પરીણામ તરફ

**–તંત્રી લેખ**

દેશભરમાં દીવાળીનો તહેવાર ધામધુમથી ઉજવાયો. ભયંકર વાયુ પ્રદુષણ કરતા કરોડો રુપીયાના ફટાકડા ફોડવાનો આનંદ લોકોએ માણ્યો, અને હવે તેનાથી થનારા રોગોની યાતના લોકો ભોગવશે.

તહેવારોમાં અંધશ્રદ્ધા અને પ્રદુષણો સામે લોક જાગૃતી માટે સત્યશોધક સભા વર્ષોથી બનતા પ્રયત્નો-પ્રવૃત્તીઓ કરે છે. આ વર્ષે એક કોલેજમાં તેમ જ પાંચ શાળાઓમાં પ્રી. મનસુખ નારીયા દ્વારા વાયુ પ્રદુષણ સામેના કાર્યક્રમો યોજીને ફટાકડા ન ફોડવા માટે ૩૫૦૦ જેટલા વીદ્યાર્થીઓ પાસે પ્રતીજ્ઞા લેવડાવી હતી. દેશભરની શાળાઓમાં આવી ઝુંબેશ થાય તે આજના સમયે ઘણું આવશ્યક છે, કેમ કે દીલ્હીના તાજા સમાચાર જોઈએ તો ત્યાં AQI-એર કવોલીટી ઈન્ડેક્ષ ૨૦૦ની અંદર હોય તો ઠીક ગણાય તેના બદલે ૬૦૦ સુધીનું અતી ગંભીર પ્રમાણ છે, જેના લીધે પ્રાથમીક શાળાઓ બંધ કરવામાં આવી છે. વાયુ પ્રદુષણને કારણે  શાળાઓ બંધ રાખવી પડે તે દેશ માટે એક ગંભીર બાબત છે. આ ઉપરાંત દીલ્હીમાં ૫૦% સરકારી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ, ડીઝલ-વાહનો, ટ્રક પર પ્રતીબંધ અને અન્ય વાહનો માટે ઓડ-ઈવન પદ્ધતી અમલી કરવામાં આવેલ છે.

કાળી ચૌદશે ચોકમાં વડા મુકીને અનાજનો બગાડ અને ગંદકી કરવામાં આવે છે. આ કુરીવાજ સામે પણ સભા વર્ષોથી જનજાગૃતી અભીયાન ચલાવે છે. સભાના કર્મયોગી વડીલ મધુભાઈ કાકડીયાના નેતૃત્વમાં કરુણાસેવક ગૌશાળા (રમેશ રુડાણી) તથા પ્રજાપતી સમાજના કાર્યકર્તાઓના સહયોગથી ૧૫૦ સોસાયટીના ચોક પર ૭૦૦ થી વધુ કાર્યકરોએ ૪ ટન જેટલાં વડાં એકત્ર કરી ગરીબોને તેમ જ ગૌશાળામાં વહેંચવામાં આવ્યાં હતાં. વરાછા-પુણા વીસ્તારમાં પણ આ માટે નોંધનીય કામ થયું હતું જે આવકાર્ય છે. સંસ્થાના પ્રમુખ સુર્યકાંત શાહ અને મંત્રી જાદવ વેકરીયા પણ સહભાગી બન્યા હતા.

સભા દ્વારા ૨૫ ઓકટો.ના રોજ સુર્યગ્રહણ અંગેનો એક લાઈવ નીદર્શન કાર્યક્રમ ભાતવાડી, વરાછા ખાતે યોજાયો હતો. શહેરના ૧૫૦થી વધુ દર્શકોને વીનામુલ્યે ફીલ્ટર ગ્લાસ (ચશ્મા) આપવામાં આવ્યા હતા. પ્રી. મનસુખ નારીયાએ ગ્રહણનું જીવંત નીદર્શન કરાવ્યું હતું. પ્રમુખ સુર્યકાંત શાહે ગ્રહણ સંબંધી અંધશ્રદ્ધાની માહીતી આપી હતી. સંકલન જાદવ વેકરીયા તથા જી.એન. કાકડીયાએ કર્યું હતું. ડો. જીવરાજ ગોધાણીએ વ્યવસ્થા સહયોગ કર્યો હતો.

કાળી ચૌદશ / ગ્રહણની અંધશ્રદ્ધા સામે તથા તહેવારોમાં વાયુ પ્રદુષણની આધુનીક અંધશ્રદ્ધા સામે લોકજાગૃતી માટે સભા યથા પ્રયત્નો કરે છે, તેને સારો આવકાર પણ મળ્યો છે. તેના ખુબ ધીમે ધીમે પણ સારા પરીણામો મળી રહ્યા છે. અગાઉના વર્ષો કરતાં વડાં મુકવાનું પ્રમાણ અને ફટાકડા ફોડવાના પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળ્યો છે, તેના રાજીપા સાથે. -અસ્તુ

**(ચાલુ પાના નં.-૨ નું)**

આંકડાશાસ્ત્રના વીજ્ઞાનાનુસાર આવી દુર્ઘટનાઓ વ્યકતીકેન્દ્રી હોતી નથી. સમષ્ટીલક્ષી હોય છે. સેંકડો માણસો પુલ પર ગયા, અને તેમાંના કેટલાક મરી ગયા. આટલી જ વાત એક હકીકત છે. આ જ હકીકતના મુળમાં ઉતરવાનું છે. લોકો આવા વીજ્ઞાનના ભલે નીષ્ણાત નહીં બને, પરંતુ એનો પ્રાથમીક પરીચય કેળવે. લોકો જો જુદા જુદા વીજ્ઞાનનો પ્રાથમીક પરીચય મેળવવાના મનોયત્ન કરશે તો આપોઆપ તેઓ પ્રારબ્ધવાદીઓની જાળમાંથી મુકત થશે. પ્રારબ્ધના નામે જે અગડમ્ બગડમ્‌ને સમજવાનો લોકો વ્યર્થ અને નુકસાનકારક વ્યાયામ કરે છે તેને બદલે એટલો જ વ્યાયામ વીજ્ઞાનો સમજવામાં અને વૈજ્ઞાનીક દ્રષ્ટી કેળવવા માટે કરશે તો આવી દુર્ઘટનાનું પુનરાવર્તનતો અટકાવશે જ, પરંતુ આગળ વધીને મહત્તમ આનંદને પણ પ્રાપ્ત કરશે.

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

## નાનું એટલે કેટલું નાનું ? પહેલા વીચારો, અને પછી આ વાંચો

હોકીંગે અણુભૌતીક શાસ્ત્રની ગતીવીધી તપાસી. એમણે જોયું કે વીસમી સદીના પહેલા ત્રણ દાયકામાં એક મીલીમીટરના દશ લાખમાં ભાગ જેટલી લંબાઈને માપવાનું શક્ય બન્યું. આટલી નાની લંબાઈને માપવાનું શક્ય બન્યું. આટલી નાની લંબાઈ પણ સમય જતાં 'મોટી' લાગી કારણ કે ત્યારબાદ અણુવીજ્ઞાન અને ઘનીષ્ઠ ઉર્જા ભૌતીકશાસ્ત્રે એક મીલીમીટરના એક અબજમાં ભાગને પણ માપ્યો ! નાનાથી પણ નાનો જાણવા-સમજવા-માપવાના માણસના વધતા જતા કસબને જોતા તો એવી ધારણા કરી શકાય કે આ અબજમાં ભાગ પણ કોઈનાથી મોટો હોવાનું ભવીષ્યમાં માપી શકશે ! ભૌતીકશાસ્ત્રે અત્યારે જ માપેલો કણ (perticle) એક મીલીલીટરના એક લાખના અબજ અબજ અબજ માપનો છે ! આટલા નાના કણને તમે હજી સુધી વીચાર્યો હોય જ નહીં ! આથી જયારે કોઈ એવો દાવો કરે કે કોઈ ભાઈને રસ્તામાં ચોખાનો કણ જેઈને બે વાકયો બોલવાનું થયું એટલે એ ભાઈ કણના જ્ઞાતા-વૈજ્ઞાનીક હતા ત્યારે હસવું, રડવું કે ગુસ્સો કરવો એ નકકી થઈ શકતું નથી.

## ભકતીના પોકળ રંગ

**–એન. વી. ચાવડા**

આપણા બુદ્ધીજીવી વીદ્વાનો , કવીઓ, લેખકો અને પ્રવચનકારો આપણને કહેવાતી ભકતીના કાલ્પનીક રંગો અહર્નીશ દેખાડે છે, પરંતુ તેઓ આપણને આપણો અસલ ઈતીહાસ કયારેય દેખાડતાં નથી, જેમાં આ કહેવાતી ભકતી આપણને, આપણા ધર્મને અને આપણા સમાજ તથા આપણી મા-બહેનોની આબરુ બચાવવામાં કાયમ નીષ્ફળ ગઈ છે.

આપણો સાચો પ્રાચીન ઈતીહાસ એ કહે છે કે આપણા દેશ ઉપર જયારે વીદેશી આક્રમણખોરોનાં અનેકવાર અનેક ધાડાં ચડી આવ્યાં હતાં ત્યારે તેમણે આપણને જે બેરહમીથી મારીને લુંટયા હતા, મંદીરો અને મુર્તીઓ તોડી હતી તથા આપણી મા-બહેનોની આબરુ સાથે ભયાનક ચેડા કર્યા હતા ત્યારે આપણી અપરંપાર ભકતીને કારણે કોઈ ઈશ્વર કે કોઈ દેવી-દેવતા આપણા રક્ષણાર્થે આવ્યા નહોતા. આપણી તમામ ભકતી પારાવાર રીતે નીષ્ફળ ગઈ હતી, એટલું જ નહીં આવા આક્રાંતાઓએ હજારો વર્ષ સુધી આપણને ગુલામ બનાવી આપણા ઉપર રાજ પણ કર્યું હતું.

આજે આપણા દેશના કેટલાક રાજનેતાઓ, ધર્મગુરુઓ અને ધનવાનોનું જુથ જે આપણને આ વ્યર્થ ભકતીમાં ફસાવી આપણને તન-મન-ધનથી લુંટી મોજમજા કરવા માટે દેશના બુદ્ધીજીવી વીદ્વાનોને ભકતીના પ્રચારમાં લગાવી, આપણને નીષ્ફળ ભકતીમાં ફસાવી દેવ-દેવી અને ઈશ્વરને નામે વ્યવસાય કરનારાં સ્થાપીત હીતોનો શીકાર બનાવી રહ્યા છે.

## नास्तीक होने के फायदे

-आरती मौर्या

(१) सभी इंसानो मे सीर्फ इंसान नजर आता है।

(२) धार्मीक दंगो के भागीदार नहीं होते।

(३) जातीवाद कर ना किसी पर अत्याचार करते है और ना किसी का सहते है।

(४) पाखंड के नाम पर चवन्नी खर्च नहीं होती।

(५) बिल्ली या नेवले के रास्ता काटने पर कोई फर्क नहीं पडता है।

(६) भुत, प्रोत, आत्मा जैसी फालतु चीजो से कोई मतलब नहीं रखता, ना कोई डर लगता है।

(७) गलत बातों पर सवाल उठाने की बुद्धी रखता है।

(८) तांत्रीक, पंडे, पुजारीयों से मुर्ख नहीं बन सकता।

(९) ना स्वर्ग की लालसा होती है ना नर्क का डर।

(१०) ना कभी माता, बाबा के नाम पर कोई पागलपन सवार होता है।

(११) गाय हो या कुत्ता हो या बील्ली जानवर से समान प्यार होता है।

(१२) ऊंट या गाय का मल-मुत्र नहीं ग्रहण करते।

(१३) कोई भी काम शुरु करने से पहले शुभ मुहुर्त के इन्तजार की जरूरत नहीं पडती, हर वक्त सही समय होता है ।

(१४) शुभ संख्याओं से कोई मतलब शनहीं होता ।

(१५) राशीफल देखकर दिन का शेडुल नहीं बनाना पडता ।

(१६) किसी दिन को खास बनाने के लिए त्योहार की जरूरत नहीं होती । पार्टी करनी हो या कोई मस्ती सब किसी भी दिन करते है ।

(१७) किसी को भी जाती, लींग, नागरीकता, रंग, क्षेत्र, अमीरी, गरीबी के आधार पर नापतोल नहीं करते ।

(१८) अपने किये काम को क्रेडिट किसी काल्पनिक भगवान को नहीं देना पडता ।

(१९) अपने आनेवाली पीढीयों को पाखंड और अंधश्रद्धा से कोसो दूर रखते है ।

(२०) किसी तीर्थस्थान मे जाकर भगदड मे जान नहीं गवाते ।

(२१) व्रत के नाम पर बीवीयों को दीन भर भुखे पेट नहीं रखना पडता ।

(२२) धर्मस्थलो मे दान देने से बेहतर किसी जरुरतमंद की मदद करते है ।

(२३) कोई नास्तीक लडकी किसी पाखंडी के हवस का शिकार नहीं होती ।

(એડમીન રોહીત કર્મીના વોટ્સ એપના 'અવર રેશનાલીઝમ'માંથી સાભાર)

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# हरिवंशराय बच्चन की कविता,
# जो अंदर तक झकझोर देती है....

**-हरीवंशराय बच्चन**

ना दीवाली होती, और ना पठाखे बजते
ना ईद की अलामत, ना बकरे शहीद होते।
तु भी इन्सान होता मैं भी इन्सान होता,
...काश कोई धर्म न होता....
...काश कोई मजहब ना होता...
ना अर्ध देते, ना स्नान होता
ना मुर्दे बहाए जाते, ना विसर्जन होता
जब भी प्यास लगती, नदीओं का पानी पीते
पैंडो की छांव होती, नदीओं का गर्जन होता।
ना भगवानों की लीला होती, ना अवतारो का नाटक होता,
ना देशो की सीमा होती, ना दिलों का फाटक होता।
ना कोई झुठा काजी होता, ना लफंगा साधु होता
इन्सानीयत के दरबार में, सबका भला होता
तु भी इन्सान होता, मैं भी इन्सान होता,
...काश कोई धर्म ना होता....
....काश कोई मजहब ना होता...
कोई मस्जिद ना होती, कोई मंदिर ना होता

कोई दलित ना होता, कोई काफिर ना होता।
कोई बेबस ना होता, कोई बेघर ना होता
किसी के दर्द से कोई बेखबर ना होता।
ना ही गीता होती, और ना कुरान होती,
ना ही अल्लाह होता, ना भगवान होता ॥
तुझको जो जख्म होता, मेरा दिल तडपता
ना मैं हिन्दु होता, ना तु भी मुसलमान होता।
तु भी इन्सान होता, मैं भी इन्सान होता।

## 'સત્યના પ્રયોગો' માં ગાંધીજીનું સત્યાન્વેષણ

જે સેવામાં આનંદ નથી મળતો તે નથી સેવકને ફળતી, નથી સેવ્યને ભાવતી. જે સેવામાં આનંદ મળે છે તે સેવા આગળ એશઆરામ કે ધનોપાર્જન ઈત્યાદી પ્રવૃત્તી તુચ્છ લાગે છે.

* * *

બનેલાને સમજી લઈએ. તેમાંથી શીખવાનું મળે તેટલું શીખી લઈએ, એટલું જ ઉપયોગી છે. અમુક પ્રસંગે અમુક મનુષ્ય શું કરશે એ નીર્ણયપુર્વક કહી જ ન શકાય, તેમ જ મનુષ્યના બાહ્યાચાર ઉપરથી તેના ગુણની જે પરીક્ષા થાય છે તે અધુરી હોઈ અનુમાન માત્ર હોય છે. એમ પણ આપણે જોઈ શકીએ છીએ.

* * *

સારી પેઠે ચર્ચા કર્યા પછી અને પુખ્ત વીચારો કર્યા પછી સને ૧૯૦૬ની સાલમાં વ્રત બ્રહ્મચર્યનું લીધું. વ્રત લેતાં લગી મેં ધર્મપત્નીની સાથે મસલત નહોતી કરી; પણ વ્રતને સમયે કરી. તેના તરફથી મને કશો વીરોધ ન થયો.

* * *

જો આમ હું આમાંથી (બ્રહ્મચર્યમાંથી) રસ લૂંટતો હતો તો તેની કઠીનતા નહોતો

અનુભવતો એમ પણ કોઈ ન માને. આજે છપ્પન વર્ષ પુરા થયાં છે, ત્યારે પણ તેની કઠીનતાનો અનુભવ તો થાય જ છે. તે અસીધારાવ્રત છે એમ વધારે ને વધારે સમજું છું.

બ્રહ્મચારીને સારુ દુધનો આહાર વીઘ્નકર્તા છે એ વીશે મને શંકા નથી. બ્રહ્મચર્યના પાલનમાં ઉપવાસ અનીવાર્ય અંગ છે.

* * *

સુધારાની ગરજ રહી સુધારકને પોતાને; જે સમાજમાં તે સુધારો ઈચ્છે છે ત્યાંથી તો તેણે વીરોધની, તીરસ્કારની ને જાનના જોખમની પણ આશા રાખવી રહી. સુધારક જેને સુધારો માને તેને સમાજ કુધારો કાં માને ? અથવા કદાચ કુધારો ન માને તોપણ તે તરફ ઉદાસીન કાં ન રહે ?

* * *

મેં માન્યું ને હજુ માનું છું કે, ગમે તેવા કામ છતાં જેમ આપણે ખાવાનો સમય કાઢીએ છીએ તેમ જ વ્યાયામનો કાઢવો જોઈએ. તેથી દેશની સેવા વધારે થાય પણ ઓછી નહીં, એવો મારો નમ્ર અભીપ્રાય છે.

* * *

સુધારા કરવાને ખાતર પણ પોતાની શકતી બહાર ન જવું ઘટે.

* * *

જે બાબતમાં હું પોતે પડયો છું તે બાબતમાં બીજાઓને મારે આધારે ચાલવાની હું સલાહ ન આપું, એટલું જ નહીં, કરનારાં બધાં ભાઈબહેનોને હું સમાધાન કરવા ઈચ્છું છું. દુધનો ત્યાગ સર્વાંશે લાભદાયી લાગે, અથવા અનુભવી વૈદ્ય દાકતરોની તેનો ત્યાગ કરવાની સલાહ હોય તે સીવાય કેવળ મારા પુસ્તકને આધારે તેઓ દુધનો ત્યાગ ન કરે. અહીંનો મારો અનુભવ અત્યાર લગી તો મને એમ જ સુચવે છે કે જેની હોજરી મંદ થઈ છે ને જે પથારીવશ થયો છે તેને સારુ દુધ જેવો બીજો હલકો તથા પોષક ખોરાક જ નથી. તેથી દુધની મર્યાદા જે એ પુસ્તકમાં સુચવી છે તે પર હઠ ન રાખવા તેવી મારી વીનંતી અને ભલામણ છે.

* * *

બુદ્ધીનો ઉપયોગ ગુનો છુપાવવામાં થતો જોઈ મને બુદ્ધી જ અળખામણી લાગી.

* * *

# કુટુંબોમાં પણ રેગીંગ થાય છે !

ખાસ કરીને હોસ્ટેલોમાં સીનીયરો નવા આવેલા જુનીયરો પર કેટલીકવાર તો અમાનુષ કહી શકાય એવા જે જુલમો કરે છે તે રેગીંગથી ઓળખાય છે. રેગીંગ ખુબ તીરસ્કૃત છે. હમણાં જ એક હોસ્ટેલમાં એક વીદ્યાર્થીને રાત્રે ૧૧.૦૦ ના સુમારે સીનીયરોએ એક ઓરડામાં બોલાવી, ઓરડાના બારણા બંધ કરી અને નાગો કરી એને ઉંધો સુવડાવી એની ગુદામાં પેન્સીલ, સળીયા વગેરે સવારે ૩.૦૦ વાગ્યા સુધી કાઢ-ઘાલ કરેલા ! આ કેટલું બધું નીંદનીય છે !

કૌટુંબીક ક્ષેત્રે પણ સીનીયરો એટલે કે મોટેરાં જુનીયરો એટલે કે બાળકો પર આવા અત્યાચાર કરતા દેખાયા છે. બાળકોને પોષણયુકત આહાર મળે તેવા ખાદ્યપદાર્થો સરકારે લાખો કુટુંબોનાં મોટેરાંને આપ્યાં. એમને સ્પષ્ટ સુચના આપવામાં આવી કે તે ખાદ્યપદાર્થો બાળકો માટે જ છે. સર્વેક્ષણો કરતા સત્ય એ બહાર આવ્યું કે અડધાથી પણ વધારે કુટુંબોએ એ ખાદ્યપદાર્થો બાળકોને આપ્યા જ નહીં, પણ પોતે જ ઓહીયા કરી ગયા ! શું આ રેગીંગ નથી ? શું આની શકય એટલી વધારે નીંદા થવી જેઈએ નહીં ? આ સત્યાન્વેષણ થતા સરકારને એ ભલામણ કરવામાં આવી કે પોષણયુકત આહાર શાળાઓમાં જ તૈયાર થાય, અને શાળામાં જ તે વીદ્યાર્થીઓ આરોગે તેવી વ્યવસ્થા કરવામાં આવે. આ પ્રમાણે સરકારોએ કરવા માંડયું પછી જ અપોષણની સમસ્યાને કાબુમાં લઈ શકાશે એવો આશાવાદ પેદા થયો છે. સર્વેક્ષણો અને સંશોધનોથી જ સત્ય પ્રગટે છે. એ સત્ય ગમે એટલું અણગમતું હોય તો પણ તે સ્વીકારીને જરુરી પગલાં લેવામાં આવે તે જ રેશનાલીઝમ છે.

---

### ‘સત્યના પ્રયોગો’માં ગાંધીજીનું સત્યાન્વેષણ

તંત્રની સામો ઝઘડો શોભે, તંત્રીની સામે ઝઘડો કરવો તે પોતાની સામે કર્યા બરોબર છે.

* * *

સ્વદેશી અને પરદેશી, ગોરા અને કાળા, હીંદુ મુસલમાન અથવા ખ્રીસ્તી, પારસી કે યહુદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી જ નથી શકયું.

* * *

# બીનસાંપ્રદાયીક શીક્ષણક્ષેત્રે ગીતા–૭

-સુર્યકાન્ત શાહ

૧૫-૯-૧૨ થી 'સત્યાન્વેષણ'માં જે 'ગીતા મીમાંસા' થઈ હતી તે ઈસ્કોનના પ્રભુપાદે ગીતાના કરેલા અનુવાદ પર આધારીત હતી. એ મીમાંસાને કેન્દ્રમાં રાખીને અત્રે એ તપાસવાનો હેતુ છે કે 'ગીતા'નું અધ્યાપન-અધ્યયન આપણા બીનસાંપ્રદાયીક શીક્ષણમાં કેટલું પ્રસ્તુત બનશે.

પ્રભુપાદ પાંચમા અધ્યાયના સાતમા શ્લોકની સમજુતીમાં જણાવે છે કે 'આત્મા અવધ્ય હોવાથી, યુદ્ધભુમીમાં એકત્ર થયેલ સર્વ મનુષ્યો પોતાના સ્વરુપમાં વ્યકતીગત રીતે જીવીત રહેવાના હતા, એટલે આધ્યાત્મીક દ્રષ્ટીએ કુરુક્ષેત્રના સમરાંગણમાં કોઈ હણાયો ન હતો ! યુદ્ધ કરવું, નરસંહાર કરવો, વૈયકતીક વેરની વસુલાત માટે ખુન કરવું આ અને આવી અન્ય પ્રકારની હત્યાથી આધ્યાત્મીક દ્રષ્ટીએ મરનારા જીવીત જ રહેવાના હોય તો શીક્ષકો વીદ્યાર્થીઓને અહીંસા, વીશ્વશાંતી, દહેજ-ખુન, મીથ્યાભીમાન-ખુન (Honour killing), લુંટ માટેના ખુન, પુતીનના યુક્રેન પરના આક્રમણ-આ બધાની સંકલ્પનાને કેવી રીતે સમજવશે ? ગીતાનો આ મત તો અહીંસા અને વીશ્વશાંતી જેવા ઉમદા વીચારોને અપ્રસ્તુત બનાવી દે છે. બીચારા ક્ષીક્ષકો કેવી રીતે ભણાવશે ?

આ જ અધ્યાયના પંદરમા શ્લોકની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે, 'ભગવાન જીવને પુણ્યકર્મના એટલા માટે પરોવે છે કે જેથી તે ઉન્નત થઈ શકે. ભગવાન તેને પાપકર્મમાં એટલા વાસ્તે પ્રવૃત્ત કરે છે કે જેથી તે નરકમાં જઈ શકે.' આ બાબત સમજાવતા સમજાવતા શીક્ષકોએ વીદ્યાર્થીઓને એ સમજવવું પડશે કે આપણે સારાં કાર્યો કરીએ છીએ તે તો ભગવાનની કઠપુતળી હોવાથી કરીએ છીએ. એ જ પ્રમાણે દુષ્કૃત્યો પણ આપણે કરતા નથી, ભગવાન કરાવે છે, એટલે કરીએ છીએ ! આવું સમજાવવાથી તો આપણા વીદ્યાર્થીઓને ખોટું કામ કરવાનો પસ્તાવો પણ નહીં થાય કારણ કે પ્રભુપાદના અનુવાદ અનુસાર એ તો બીચારો કઠપુતળીની જેમ ભગવાનની આજ્ઞા પ્રમાણે દુષ્કૃત્યો કરતો હતો ! ખોટું કામ કરનારાને પોલીસથી માંડી ન્યાયતંત્ર સજા કરે એ તો ભગવાનની ઈચ્છા વીરુદ્ધની કાર્યવાહી ગણાય ! આ તો સમાજને વીનીપાત તરફ લઈ જવાનો ઉપદેશ બને છે, અને એ શાળાઓથી શરુ થશે !

અધ્યાય છઠ્ઠાના પહેલા શ્લોકની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે, 'કેવળ ભગવદ્ ભકતોને જ પ્રત્યક્ષ ભગવાનથી ચાલી આવેલી ગુરુ-શીષ્ય પરંપરા દ્વારા પુર્ણ જ્ઞાન મળી શકે છે, અને તેની બહાર કોઈ જ્ઞાન હોતુ જ નથી'નો અત્રે દાવો કરે છે. શીક્ષકો વીદ્યાર્થીઓને

આ ભણાવશે ત્યારે વીજ્ઞાન જ્ઞાનની દીશામાં અનંત યાત્રા હોવાનું કહી શકશે નહીં. વૈજ્ઞાનીકો રાત-દીવસ એક કરીને જે સંશોધનો કરે છે, અને માનવજાતના કલ્યાણ માટે ઉપયોગ કરે છે તે વીજ્ઞાનનું જ્ઞાન, જ્ઞાન જ નથી એવું જણાવવું પડશે. આ શ્લોક ભણ્યા પછી અને એને જીવનમાં ઉતાર્યા પછી ખાતરીપુર્વકની આગાહી કરી શકાય કે આપણા સમાજમાં કદીયે વૈજ્ઞાનીકો પેદા થાય જ નહીં !

છઠ્ઠા શ્લોકમાં જાતીય જીવન અંગે જે વાતો કરવામાં આવી છે તે એટલી જુગુપ્સાયુક્ત અને અવાસ્તવીક છે કે જેથી એવું સુચન કરવાનું થાય કે ગીતાને જયારે બીનસાંપ્રદાયીક શીક્ષણમાં ભુલેચુકે પણ દાખલ કરવામાં આવે તો અભ્યાસક્રમમાં સ્પષ્ટ જણાવવાનું કે આ શ્લોકને અભ્યાસક્રમમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. એ જ પ્રમાણે તેરમા શ્લોકને પણ બાકાત રાખવો જોઈએ કારણ કે તે વર્ણવ્યવસ્થાને વાજબી ઠેરવે છે. આગળ વધીને હીંદુ ધર્મના જ બ્રહ્મા અને શીવની, માયાના પંજામાંથી ભકતને મુકત કરવાના સામર્થ્ય માટે શંકા સેવે છે. આ તો ખુબ વાંધાજનક છે. કૃષ્ણભકતો અને શીવભકતોની શેરી શેરીએ એક સમયે જે લડાઈઓ થતી હતી અને ખુનરેજી થતી હતી તે દીશામાં આ શ્લોક વીદ્યાર્થીઓને લઈ જશે.

શ્લોક પંદરમાં કૃષ્ણ નાસ્તીકતાનો ઉલ્લેખ કરી તેનો પ્રતીકાર ભૌતીક શકતી એટલે કે પ્રકૃતી જ કરી નાંખશે એવો સા'વ મીથ્યા આશાવાદ સેવે છે. આમ કરીને પ્રભુપાદ અધ્યાત્મના ગુણ ગાતા ગાતા ભૌતીકવાદ પરનો પોતાનો વીશ્વાસ જાહેર કરે છે ! શું આ ગુલાંટને શીક્ષકો જ પહેલા સમજી શકશે ? આ ગુલાંટને વીદ્યાર્થીઓ તો સમજવાના જ નથી એની ખાતરીપુર્વકની આગાહી કરી શકાય.

પોતાના ધર્મની શ્રેષ્ઠતા પુરવાર કરવા માટે બધા જ ધર્મોના આગેવાનો કશું પણ આત્યંતીક બોલવા, લખવા અને કરવાને તૈયાર હોય છે. આથી પ્રભુપાદ આ શ્લોકની સમજુતીમાં જણાવે છે. 'ધર્મ ઈશ્વરવીહીન હોય તો એ પણ ધર્મ નથી. આમ કરીને ઈશ્વરવીહીન જૈન અને બૌદ્ધ જેવા નીરીશ્વરવાદી ધર્મો, ધર્મો જ નહીં હોવાનું પ્રભુપાદ ગીતાના નામે જાતે જાતે જ જાહેર કરી દે છે ! શું શીક્ષકો આ પ્રમાણે વીદ્યાર્થીઓને ભણાવશે ?

---

**સત્યશોધક સભાને દાન**

શ્રી રમેશભાઈ પટેલ તરફથી સત્યશોધક સભાને રૂા. ૨,૦૦૦/- નું દાન આપવામાં આવ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૧૯–૧૦–૨૨** **સુર્યકાન્ત શાહ**
પ્રમુખ

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

**(૧) એક ચતુર્વીધ કાર્યક્રમ :** વીદ્યાર્થીઓને પોતાના ભુતપુર્વ શીક્ષકો/શીક્ષીકાઓ યાદ આવે, અને એમને પોતાની પુર્વ શાળા-મહાશાળા યાદ આવે તે સમજી શકાય તેમ છે. એમાંના કેટલાક વીદ્યાર્થી ભાઈ-બહેનો પોતાના પુર્વ શીક્ષક/શીક્ષીકાને મળે, અને આદરભાવ દર્શાવે તે પણ અનુભવવવાનું ઘણાને મળ્યું છે. સત્યશોધક સભાના કાર્યકરોને એનાથી પણ આગળ અદ્ભુત કહી શકાય તેવો સુખદ અનુભવ થયો. સુરતની અંબાબા હરીપુરા ગર્લ્સ સકુલના ભુતપુર્વ શીક્ષીકા અને આચાર્યા હર્ષીદાબેન ઠાકોરના નીધન બાદ હર્ષીદાબેન અને એમના ભગીની ઉષાબેનના સંયુકત નામે હર્ષુષા ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. એનું સંચાલન અમદાવાદ-સ્થીત જયશ્રીબેન જોશી કરે છે. એમણે એક સાનંદાશ્ચર્યચકીત કરી મુકે એવો વીચાર મુકયો. હર્ષીદાબેનના જીવનનાં સૌથી કીંમતી અને વધારે વર્ષો જે શાળામાં સેવા આપતા આપતા ગયા છે ત્યાં સત્યશોધક સભાના અંધશ્રદ્ધા-વહેમ વીરુદ્ધનો કાર્યક્રમ યોજવો !



(અંબાબા હરીપુરા ગર્લ્સ સ્કુલની વીદ્યાર્થીઓનું નયનરમ્ય સ્વાગત નૃત્ય)

સત્યશોધક સભાએ સાનંદ આ વીચારને વધાવી લીધો. અંબાબા હરીપુરા ગર્લ્સ સ્કુલના સંચાલક મંડળના ઉપપ્રમુખ અતુલભાઈ પાઠકજી સત્યશોધક સભાના પણ ઉપપ્રમુખ છે.એમણે આ વીચારને વધાવી લીધો. એમણે આ વીચારને સાકાર કરવા શાળાના આચાર્યા મોનાબેન દેસાઈનો સંપર્ક કર્યો. એમણે પણ ખુબ ઉત્સાહથી શાળામાં સુચીત કાર્યક્રમ કરવા માટે તૈયારી બતાવી. પરીણામે તા. ૧૭-૧૦-૨૨ ના રોજ આ કાર્યક્રમ (૧) રમેશ પટેલનું અંધશ્રદ્ધા વહેમ વીરુદ્ધનું પ્રવચન (૨) જાદવ વેકરીયા તરફથી ચમત્કાર નીદર્શન કાર્યક્રમ (૩) હર્ષુષા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ધો. ૧૦-૧૨ ની જાહેર પરીક્ષામાં પહેલા-બીજા ક્રમે ઉત્તીર્ણ થયેલ વીદ્યાર્થીનીઓને એકંદરે રૂા. ૯,૦૦૦નાં રોકડ ઈનામ અને (૪) શાળામાં દીર્ઘ સેવા આપી નીવૃત્ત થતા મમતાબેનનો વીદાય સન્માન સમારંભ જેવી ચતુર્વીધ વીવીધતાને લણી લેવામાં આવી.

તા. ૧૭-૧૦-૨૨ ના રોજ એ કાર્યક્રમની શરુઆત શાળાની વીદ્યાર્થીનીઓના નયનરમ્ય સ્વાગત નૃત્યથી થઈ. પ્રમુખસ્થાને શહેરના જાણીતા બાળરોગ નીષ્ણાત ડો. બીપીનભાઈ દેસાઈ હતા. શાળાના આચાર્યા મોનાબેન દેસાઈએ સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે એમનાં પુર્વ શીક્ષીકાઓ અને આચાર્યોએ તેમ જ સંચાલકોએ અંબાબાની શૈક્ષણીક સીદ્ધીઓનો પાયો મજબુત કરવામાં પ્રશંસનીય યોગદાન આપ્યું છે. એમાંના એક હર્ષીદાબેને પણ શાળાની શૈક્ષણીક અને અન્ય પ્રવૃત્તીઓને ખુબ વીકસાવી હતી, અને સાચી દીશાનું માર્ગદર્શન આપ્યું હતું. એમણે સૌનુ પુષ્પગુચ્છ અને પુસ્તીકાથી સ્વાગત કર્યું હતું. સત્યશોધક સભાના પ્રમુખ સુર્યકાન્ત શાહે વકતા રમેશ પટેલનો પરીચય આપતા જણાવેલ કે રમેશભાઈએ એમનાં એકસોથી વધારે લખેલાં પુસ્તકો દ્વારા વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો જોરદાર પ્રચાર કર્યો છે. ભારત સરકારે એમને શ્રેષ્ઠ શીક્ષકનું પારીતોષીક આપીને નવાજ્યા છે. સત્યશોધક સભા નાગરીકોને જાતે વીચારવા, જાતે જ પુરી તપાસ કરીને સાચા-ખોટાનો નીર્ણય લેવા, વીવેકપુરઃસર વર્તન કરવા આગ્રહ કરે છે. એવી સંસ્થાના ઉપક્રમે અંબાબા હરીપુરા ગર્લ્સ સ્કુલમાં એક ભુતપુર્વ શીક્ષક રમેશ પટેલ પ્રવચન માટે આવે એ પ્રસંગને અનુરુપ છે.

રમેશ પટેલે પોતાના પ્રવચનમાં અપશુકનીયાળ ગણાતો તેરનો આંકડો વાસ્તવમાં અન્ય આંકડા જેવો છે તે ઉદાહરણો આપીને સમજાવ્યું. જેમની જન્મશતાબ્દી સત્યશોધક સભા ઉજવી રહી છે તે રમણ પાઠકને યાદ કરી રેશનાલીઝમ અંગેના પુસ્તકનાં અવતરણો ટાંકીને એમણે જણાવ્યું હતું કે ખુદા, ગોડ કે ભગવાનના નામથી ઓળખાતા અપાર્થીવ તત્ત્વનું અસ્તીત્ત્વ જ નથી. એની આજુબાજુ વીંટાળવામાં આવેલા અનેક વીધી-વીધાનો અને કર્મકાંડો એકંદરે નુકસાનકર્તા છે. જે કંઈ વીચારો કે કરો તેમાં પોતાની જ વીવેકબુદ્ધીનો ઉપયોગ કરો. રેશનાલીઝમનો રાહ અપનાવો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થીત રહેલા સત્યશોધક સભાના પેટ્રન અને વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીના પુર્વ કુલપતી ડો. બી. એ. પરીખે પ્રાસંગીક પ્રવચન કરતા જણાવ્યું કે અંધશ્રદ્ધા-વહેમને કારણે મહીલાઓ અને તેમાંયે સભાગૃહમાં ઉપસ્થીત કુમળી વયની વીદ્યાર્થીનીઓ જેવી બાળકીઓ પર ખુબ જુલમ કરવામાં આવે છે. બહેનોએ આ બાબતે જાગૃત થઈ પોતાની વીવેકબુદ્ધીથી ખોટાને ખોટા હોવાનું જાણીને તેનાથી સાવચેત રહેવાનું, અને પ્રતીકાર કરવાનો આગ્રહ કર્યો હતો. ત્યારબાદ જનક બાબરીયાએ જેઓ ચમત્કાર નીદર્શન દર્શાવવાના હતા તે

જાદવ વેકરીયાનો પરીચય આપતા જણાવ્યું કે વેકરીયા હીરાના વ્યવસાય સાથે જોડાયા છે, પરંતુ સમાજમાં વીવેકબુદ્ધીવાદનો પ્રસાર થાય તે માટે પ્રયત્નશીલ છે. પોતાના જેવા જુવાનીયાઓએ સમાજને સ્વસ્થ બનાવવા માટે સત્યશોધક સભા જેવી સંસ્થામાં સક્રીય થવાનો પણ એમણે અનુરોધ કર્યો હતો.


ચમત્કારનું નીદર્શન કરતા જાદવ વેકરીયા

જાદવ વેકરીયાએ સ્ટેજને સંભાળીને ચમત્કાર નીદર્શનના એવા મનમોહક પ્રયોગો કરી બતાવ્યા કે મોટેરાં અને વીદ્યાર્થીનીઓને કંકુ ખરવું કે હથેળી લાલ થવી, જેવા કે ચોખા ભરેલા લોટાને ચપ્પુથી ઉંચકી લેવા કે થેલીમાંથી એકના બે, દશના વીસ રુપીયા નીકળવા પાછળનાં વૈજ્ઞાનીક કારણો સમજાવ્યા. સમગ્ર સભાગૃહ તરફથી માંગણી થયા જ કરી કે જાદવ એમના પ્રયોગો વધારે ને વધારે બતાવે, પણ સમયની પાબંદીને કારણે એ શકય નહીં બન્યું.

આચાર્યશ્રી મોનાબેને આગળના કાર્યક્રમનો દોર સંભાળતા શાળામાં ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં પહેલા બે ક્રમે આવેલ વીદ્યાર્થીનીઓનાં નામ ક્રમશઃ જાહેર કર્યા. અમદાવાદથી ખાસ પધારેલ હર્ષુપા ટ્રસ્ટના મોનાબેનના હસ્તે એ વીદ્યાર્થીનીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યા. આ ઈનામ વીતરણથી એક મજાનો દાખલો બેઠો કે શાળાના ભુતપુર્વ શીક્ષીકા અને આચાર્યાના નામે વીદ્યાર્થીનીઓને બીરદાવવામાં આવી. આ પ્રસંગે મોનાબેને ઉદ્‌બોધન કરતા જણાવ્યું કે અંબાબામાં હર્ષીદાબેન ઠાકોરની સ્મૃતી તાજી થાય તે માટેનો આ એક નમ્ર પ્રયત્ન છે. સત્યશોધક સભાની કામગીરીને બીરદાવતા એમણે જણાવ્યું કે સમાજે અને તેમાંયે ખાસ કરીને હાજર રહેલી વીદ્યાર્થીનીઓએ આ કામગીરીમાં સામેલ થવું જોઈએ. આ પ્રસંગે અતુલભાઈ પાઠકજીએ જણાવ્યું કે બન્ને સંસ્થા સત્યશોધક સભા અને મહીલા વીદ્યાલય મંડળના ઉપપ્રમુખ તરીકે સમાજને પ્રગતીશીલ વીચારસરણી તરફ લઈ જતા આ કાર્યક્રમમાં હાજર રહેતા એમને વીશેષ આનંદ થાય છે. શાળાની વીદ્યાર્થીનીઓને રોકડ ઈનામ આપીને પ્રોત્સાહન આપવા બદલ એમણે હર્ષુપા ટ્રસ્ટનો આભાર માન્યો હતો. આ જ સમયે શાળામાં દીર્ઘકાલીન સેવા આપી નીવૃત્ત થતા મમતાબેન શીક્ષીકાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ હાજર રહેલા આ જ સંચાલક મંડળની અન્ય શાળાના આચાર્યા દીપીકા શાહે પણ મમતાબેનને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

ડો. સુષ્મા ઐય્યરે પ્રમુખ શ્રી બીપીન દેસાઈની બહુમુખી પ્રતીભાનો પરીચય આપ્યો હતો. બાળરોગ નીષ્ણાત તરીકે તો ડો. બીપીનભાઈએ ઘણી આગવી સીદ્ધીઓ હાંસીલ કરી જ છે, પરંતુ તે ઉપરાંત પ્રવાસો, તરવાનું, આજે પણ મોટી ઉંમરે દર્દીઓની અણથક સેવા કરવાનું સુચવે છે કે ડો. બીપીનભાઈ એક ચેતનવંતા અને સમાજાભીમુખ નાગરીક છે. પ્રમુખપદેથી બોલતા ડો. બીપીનભાઈએ જણાવ્યું કે દુનીયા બહુ મોટી છે. આપણે આપણા કુવામાંથી બહાર આવવું જોઈએ. લોકોને રસ પડે અને સમજવા માટે તૈયાર થાય તે માટે સત્યશોધક સભાએ અન્ય કાર્યક્રમો ઉપરાંત ચમત્કાર નીદર્શનના અને એવા લોકભાગીદારીના કાર્યક્રમો વધારે કરવા જોઈએ. આ માટે આર્થીક પ્રશ્ન ઉભા નહીં થાય તે માટે ડો. બીપીનભાઈએ સત્યશોધક સભાને રૂા. ૧,૦૦,૦૦૦/- ના માતબર દાનનો ચેક આપ્યો હતો. સમગ્ર સભાએ તે જાહેરાતને હર્ષોલ્લાસથી વધાવી લીધી હતી. ચેક સ્વીકારતા પ્રમુખ સુર્યકાન્ત શાહે ડો. બીપીનભાઈનો આભાર માન્યો હતો, અને એમની સુચનાનુસાર દાનની રકમના ઉપયોગની ખાતરી આપી હતી.



સત્યશોધક સભાને રૂા. એક લાખનું દાન આપવાનું જાહેર કરતા ડો. બીપીનભાઈ દેસાઈ

વીજય ભગતે આભાર દર્શાવતા જણાવ્યું હતું કે જીંદગીને હળવેશથી લેવાનું રાખવાથી દરેક વ્યકતીના કુલ આનંદમાં ઘણો વધારો થાય છે. તે માટે વધારાનો ખર્ચ કરવો પડતો નથી. સમુહ રાષ્ટ્રગીત ગાઈને અને અલ્પાહારને ન્યાય આપીને સૌ છુટા પાડયા હતા.

**(૨) વડાં મારફતે કજીયા પેટમાં ! :** પ્રકાશના પર્વ દીપાવલીમાં ચૌદશને કાળી કહેવામાં ઔચીત્ય દેખાતું નથી. ઉપરાંત, કહેવાતી એ કાળી ચૌદશે રાત્રી પડતા લાખો ભકતો રસ્તા અને ચાર રસ્તે રાંધેલા ગરમ ગરમ સ્વાદિષ્ટ વડાં ફેંકી દે છે એ તો ખુબ અજુગતુ છે. ઘરનો કજીયો ઘરમાં પતાવવાનો હોય. જેમની વચ્ચે મનદુ:ખ થયું હોય તેમના મનમેળ ઘરમાં જ કરવાના હોય. આવી સાદી



અને તાર્કીક વાતને સમજવા તેમ જ અમલમાં મુકવાને બદલે લોકો વડાંને ફેંકી દે છે કે જેથી ઘરમાંથી કજીયો જાય ! કજીયો જાણે ભગવાન કે તેના એજન્ટો બહારથી ઘરમાં ઘુસાડે એટલે વડાંને ચાર રસ્તે ફેંકી દેવાથી એ ઉભી પુંછડીએ ભાગે ! આવી સાદી સમજમાં નહીં ઉતરતી વાતથી સમાજને લાખ્ખો કરોડો રુપીયાનું નુકસાન થાય છે. ગંદકી થાય છે. આ લગભગ સમાજવીરોધી કહી શકાય તેવી પ્રવૃત્તી વીરુદ્ધ સત્યશોધક સભાએ લગભગ બે દાયકાથી લડત ઉપાડી છે. એમાં મધુભાઈ કાકડીયા અગ્રેસર છે. સમય જતાં એમને મનસુખ નારીયા અને જાદવ વેકરીયાનો સાથ મળ્યો છે. સત્યશોધક સભાના કાર્યકરો આ વડાં-ફેંક પ્રવૃત્તીનો વીરોધ કરવા તેમજ વડાંને શુદ્ધ રાખી વાસણોમાં ભરી જરુરતમંદોને પહોંચાડવામાં સાથ આપે છે. આ વર્ષે પણ મધુભાઈ એમના મીત્રો, નારીયા અને વેકરીયાના સથવારે કતારગામ-વરાછા વીસ્તારમાં વડાં-સાચવણી કાર્યક્રમ યોજયો હતો. પરીણામે આ વીસ્તારના ચાર રસ્તાઓ અને ૧૫૦થી વધારે સોસાયટીઓના ચોક પરથી ચાર ટનથી પણ વધારે વડાં સાતસોથી પણ વધારે કાર્યકરો દ્વારા એકત્ર કરવામાં આવ્યા હતા. વડાં ફેંકવાને બદલે પુરી સમજ સાથે વાસણોમાં મુકનાર ભકતોને કજીયા-નાબુદીના વહેમમાંથી મુકત કરવાના ઉદ્દેશથી પ્રમુખ સુર્યકાન્ત શાહ સહીત સભાના કાર્યકરો અને અન્ય જાગૃત નાગરીકોએ પ્રતીકાત્મક રીતે વડાં ખાધાં હતાં. સત્યશોધક સભા અને અન્ય સંસ્થાઓ તરફથી ભકતોને સંદેશો આપવામાં આવ્યો કે જાણે કજીયા કાર્યકરોના પેટમાં ઉતરી ગયા છે ! કોરોના કાળ પછી વીવીધ ઉત્સવોમાં લોકો બેવડા ઉત્સાહથી ભાગ લે છે. આ સંદર્ભે આ કુરીવાજને મુલવવામાં આવે તો કાકડીયા-નારીયા-જાદવનું એ તારણ આવ્યું છે કે આ વર્ષે પ્રમાણમાં વડાં-ફેંક પ્રવૃત્તી ઓછી થઈ હતી. પ્રમાણમાં ફેંકાયેલા અને સચવાયેલા વડાંનું પ્રમાણ ઓછું હતું. આ બાબત સુચવે છે કે સત્યશોધક સભા અને અન્ય સંસ્થાઓના આ કાર્યક્રમની લોકો પર ધીમી પણ સંગીન અસર થવા માંડી છે. આ સમગ્ર કાર્યક્રમમાં વાહનો અને અન્ય પાયાની સેવા સુરત મહાનગરપાલીકા તરફથી મળતી રહે છે તેની સકદર નોંધ લેવામાં આવે છે.


સુર્યગ્રહણનું ખગોળીય સત્ય સમજાવતા મનસુખ નારીયા

**(૩) સુર્યગ્રહણ કે બુદ્ધીગ્રહણ ?** એ હકીકત છે કે સુર્યગ્રહણ હમેશાં અમાસે જ થાય છે. અમાસે જ દીપાવલી પર્વ ઉજવવામાં આવે છે. નક્ષત્રો, સુર્ય, ચંદ્રની ગીતીવીધીના નામે સંવતના પંચાંગના

બનાવનારા લોકોને ઘણીવાર ઉલ્લુ બનાવે છે. હમણાં જ થયેલું સુર્યગ્રહણ હંમેશ મુજબ અમાસે જ થયું, છતાં પંચાંગ બનાવરાઓએ અબજોને મુર્ખ બનાવ્યા ! પ્રજા તરીકે આપણે સૌને મુર્ખ બનવામાં અને છેતરાવામાં આનંદ આવે છે. એક પણ વ્યકતીએ જાહેરમાં એ સવાલ પુછ્યો નથી કે, સુર્યગ્રહણની ચોકકસ નકકી થયેલી અમાસે શા માટે દીપાવલી ઉજવવાની નહીં ? પંચાંગ બનાવનાર અને તેમને અનુસરનારી  પ્રજા સુર્યગ્રહણને અશુભ ગણે છે. સુર્યગ્રહણને અશુભ ગણવાનું જ સુચવે છે કે આપણે સૌને બુદ્ધીગ્રહણ લાગ્યું છે ! હંમેશ મુજબ સુર્યગ્રહણને અશુભ ગણી તેના પાતકમાંથી ઉગારવા માટે ધંધાદારીઓએ ધડ માથા વગરની વીધીઓ કરી-કરાવી લોકો પાસેથી કરોડો રૂપીયા લઈ લીધા. એવા પ્રસંગે સુર્યગ્રહણના નહીં પણ અજ્ઞાનના અંધકારમાં સત્યશોધક સભા અને અન્ય સંસ્થાઓએ પ્રકાશનું એક ઝીણુ કીરણ ફેલાવ્યું. સૌ જાણે છે કે રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત અને સાચા શીક્ષક મનસુખ નારીયા અંધકારના વીકલ્પે પ્રકાશના કીરણને પ્રગટાવે છે. આ વર્ષે પણ જાદવ બેકરીયાના સથવારે એમણે લોકોને સુર્યગ્રહણ ખાસ ચશ્માં પહેરીને જોવા માટે આમંત્રણ આપ્યું. વરાછા રોડ, ભાતની વાડીના ચીપ કોમ્પલેક્ષની અગાશીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જીલ્લા લોકવીજ્ઞાન કેન્દ્ર અને વીજ્ઞાન ગુર્જરીનો પણ સાથ મળ્યો હતો. એમા જી. એન. કાકડીયાએ પણ જાદવ વેકરીયાની સાથે રહીને સુર્યગ્રહણને જોવા સૌને આમંત્રણ આપ્યું હતું. ગણનાપાત્ર સંખ્યામાં હાજર રહેલ આબાલવૃદ્ધ નરનારીઓએ નારીયાના માર્ગદર્શન હેઠળ ખાસ ચશ્માં પહેરીને સુર્યગ્રહણ જોયું હતું. નારીયાએ સુર્ય, ચંદ્ર અને પૃથ્વી વચ્ચે આ બાબતમાં પડછાયાની સંતાકુકડી કેવી રીતે રમાય છે તે  બાળકોને જ સુર્ય, પૃથ્વી અને ચંદ્ર મનાવી ગ્રહણ તરત સમજી શકાય એ રીતે લોકોને સમજાવ્યું હતું., લોકોમાંથી પ્રશ્નો પુછાયા હતા. પ્રમુખ સુર્યકાન્ત શાહે જણાવ્યું હતું કે આપણે અજ્ઞાની હતા ત્યારે ગ્રહણ વગેરે માટે ખોટાં વીધી-વીધાન કરીએ તે સમજાય, પરંતુ આ બાબતમાં પુરી સમજ મળ્યા પછી આપણે  એમાં ફસાઈએ તે આપણે જ બુદ્ધીગ્રહણ થયાનું સુચવે છે.

---

## સત્યશોધક સભાને દાન



ડો. બીપીનભાઈ દેસાઈ તરફથી સત્યશોધક સભાને કાર્યક્રમો કરવા  માટે રૂા. ૧,૦૦,૦૦૦ નું  માતબર દાન મળ્યું છે.  જેનો  સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૧૯-૧૦-૨૨**

**સુર્યકાન્ત શાહ**
**પ્રમુખ**

# ‘ઈશ્વરના હુકમનું ઉલ્લંઘન કરવામાં પાપ નથી. તેમાં જ સાચી માનવમુકતી રહેલી છે.’

**પ્રેષક : બીપીન શ્રોફ**

આપણને સૌને ખબર છે કે સદીઓથી રાજા-મહારાજાઓ, ધર્મગુરુઓ, સામંતો-જમીનદારો, ઉધોગપતીઓ ને કુટુંબના તમામ વડીલોએ ગળથુથીમાંથી જ શીખવાડી દીધું છે કે ‘આજ્ઞાપાલન, આજ્ઞાધીનતા, આજ્ઞાનુસરણ જેવાં લક્ષણો સદ્‌ગુણ છે અને તે બધાનું ઉલ્લંઘન, અનાદર વ. એટલે દુષ્ટતા, દુર્ગુણ, દુર્વર્તન, ઈશ્વરી ગુનો, તે બધું પાપ કહેવાય.’ એક મઝાની દંતકથા છે કે જેને તમામ ખ્રીસ્તી ધર્મીઓ સત્ય તરીકે સ્વીકારે છે કે ‘માનવજાતનો ઈતીહાસ આદમ-ઈવના ઈશ્વરી હુકમના અનાદરથી શરુ થાય છે.’ તે બહાદુર કાર્ય ઈવે (સ્ત્રીએ) કર્યું હતું, એ સૌએ યાદ રાખવું જોઈએ.

ગાર્ડન ઓફ ઈડનના તે બંને નીવાસી હતાં. જયાં કાયમી ઈશ્વરપ્રેરીત સુખ જ હતું. બસ સુખ. ત્યાં એક ઝાડ હતું. તે જ્ઞાનનું ઝાડ હતું. (a tree of knowledge). તે ઝાડ પરના ફળને ખાવાની એ બંનેને મના કરવામાં આવી હતી, પ્રતીબંધ હતો. ઈવે પ્રથમ તે ફળ ખાધું. બસ પછી તો ઈશ્વરી, ધાર્મીક પુસ્તકો, ધર્મગુરુઓના વ. હુકમોનું ઉલ્લંઘન શરુ થઈ ગયું. પેલા કહેવાતા તમામ વડીલોએ જે માનવજાતને અંધશ્રદ્ધા, વહેમ અને અસત્યોની જંજીરો બનાવેલી નાભી-નાડ (The umbilical Code). હતી તે તોડવાનું કામ શરુ થઈ ગયું. ઈશ્વરી હુકમ સામે અનાદર કરવાથી તે બંનેની આંખો જ ખુલી ગઈ. ઈશ્વરના બગીચામાં તો માનવ જ રહયા ન હતા.

સ્વતંત્રતા અને માનવ મુકતી તે ઈશ્વરી હુકમના અનાદરમાં ગર્ભીત કે અભીપ્રેત વર્તન છે. આપણા બે પૈસા જેટલી પણ બુદ્ધી નહીં ધરાવતા રાજકીય નેતાઓને ખાસ કરીને ચુંટણી ટાણે કોણ ધુત્કારીને કહેશે કે ‘તમે મંદીરો અને ધર્મસ્થાનોમાં ભાતભાતનાં કપડાં પહેરીને પ્રદક્ષીણા કરવાની બંધ કરી દો.’ સમગ્ર માનવજાતની મુકતીના ઈતીહાસનું પ્રથમ પગથીયું તો જે દીવસે આદમની પ્રેમીકા ઈવે ઈશ્વરના હુકમનો અનાદર કરીને સ્વપ્રયત્નથી જીંદગી જીવવાની નહીં, માણવાની શરુ કરી તે દીવસથી શરુ થઈ છે. રાજકીય નેતાગીરીના ધાર્મીક નાટકોને સદીઓ પહેલા ફગાવી દઈને તેની સામે વીદ્રોહ કરીને માનવજાત ૨૧ મી સદી સુધી પહોચી છે. ફાલતું નેતાઓ આવાં ધાર્મીક નાટકો ને દંભી વર્તનથી માનવજાતના વીકાસના કાંટા પાછા ફેરવવા મેદાને પડયા છે. એમને જણાવવું જોઈએ, ‘રુક જાવ !’

જે દીવસે પેલી દંતકથાના  આદમ અને ઈવે ઈશ્વરી ગાર્ડન ઓફ એડનને ફગાવીને સ્વપ્રયત્નથી કહેવાતા અપાર્થીવ તત્ત્વને ભજવાને બદલે ઈન્દ્રીયજન્ય જ્ઞાન આધારીત અનુભવથી પોતાની સમસ્યાઓ  ઉકેલવાનું શરુ કર્યું તે દીવસથી જ ‘માનવ’ બની ગયો છે.

એ ઈશ્વરી હુકમનો અનાદર કરીને એક માનવ બીજા માનવી સાથે સંવાદીતા-સહકાર અને કુદરત સાથે પણ સંવાદીતાથી કેવી રીતે જીવન જીવવું તે શીખી ગયો કારણ કે તેણે ઈશ્વરી હુકમનો અનાદર કરીને જીવન જીવવાનું શરુ કરેલ હોઈ તેના પોતાના બાહુબળ સીવાય (Human Efforts) કોઈપણ ત્રાહીત કે માનવોત્તર પરીબળો પર આધાર રાખવાનો પ્રશ્ન જ ઉપસ્થીત થતો ન હતો.

હીબ્રુ દંતકથામાં જેમ આદમ- ઈવનો ઉલ્લેખ છે તેવી રીતે ગ્રીક સંસ્કૃતીમાં પ્રોમેથીયસની દંતકથા છે. પ્રેમેથીયસે દેવ પાસેથી અગ્નીની ચોરી કરી હતી કે ગુનો કર્યો હતો. ત્યારબાદ માનવ ઉત્ક્રાંતીનો પાયો નંખાયો હતો. આદમ-ઈવની માફક પ્રોમેથીયસને ગ્રીકદેવે પોતાના હુકમના અનાદર માટે સજા કરી હતી. સદર કૃત્ય માટે પ્રોમેથીયસને સહેજ પણ પસ્તાવો થયો ન હતો. તેણે દેવની માફી માંગી ન હતી. ગૌરવ સાથે પ્રોમેથીયસે સત્તાધીશોને કહ્યું હતું કે ‘હું ઈશ્વરની માફી માંગવાને બદલે, તમે મને આ ખડક સાથે સાંકળોથી બાંધી દઈ શકો છો તે વધારે પસંદ કરીશ !’

---

## હાઈકુ

**–રમેશ પટેલ**

પ્રાર્થના સૌની
સૂણતો નથી પ્રભુ-
બનો : નાસ્તીક !

* * *

ઝુલતો પુલ
તૂટી પડતાં, નદી -
મચ્છુ : રડતી !!!

* * *

લીલ ખસેડી
આદીવાસી પીએ છે
પાણી તળાવે !

* * *

દ્વારે ટકોરા
દ્વાર ખોલી જોયું તો-
રેશનાલીસ્ટો !

* * *

લીંબુ-મરચું
છતાં, મરણ આવ્યું-
ઘર આંગણે !

* * *

સાધુઓ હોય
‘મહા સેકસી, એનાથી
દુર જ રહો !

વીવેકબુદ્ધી વાપરી !
વાત સાચી-
માનશો - મીત્રો !

* * *

તેરનો અંક
અશુભ નથી.
શુભ હોય છે - દોસ્તો !

* * *

નશો કરવા
પીતા રહો : ચાંદની
પુનમ રાતે !

# રેશનાલીઝમના દ્વારે : ટહુકો

## અંબાબા હરીપુરા ગર્લ્સ સ્કુલમાંના ચતુર્વીધ કાર્યક્રમ દરમીયાનનું પ્રવચન

**–રમેશ પટેલ**

માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શાળામાં અભ્યાસ કરતી  દીકરીઓને મજા પડે તેથી પ્રવચનની શરુઆત હું એક નાનકડી વાર્તાથી કરું છું. ધ્યાનથી સાંભળવા વીનંતી...

ઘટાદાર વૃક્ષોથી છવાયેલું એક જંગલ હતું. ભરબપોરનો સમય હતો. એ જંગલમાંથી એક ડોશીમા પસાર થતા હતા. ડોશીમા સાચાબોલા હતા. એમની પાસે એક પોટલીમાં રૂા. એક લાખની રકમ હતી. જંગલમાં ડોશીમાને સામે એક ડાકુ મળ્યો. ડાકુ કહે : ‘ડોશી...તારી પાસે જે કાંઈ હોય તે મને આપી દે, નહીં તો હું તને મારી નાંખીશ જાનથી.’ ડોશી કહે : ‘મારી પાસે એક લાખ રૂપીયાની આ પોટલી છે. એ રુપીયા હું સત્યશોધક સભાને દાન કરવા જઈ રહી છું. હવેથી એ પૈસા દીકરા તારા જ સમજ, પણ તું મારું એક કામ કરીશ ? જો સામે પેલુ લીમડાનું ઝાડ દેખાય છે. તેની ડાળ પરથી તું ત્રણ પાન તોડી લાવ.’ ડાકુએ ત્રણ પાન તોડી લાવી ડોશીને આપ્યાં. ડાકુ ડોશીને કહે : ‘લાવ, હવે તો એ પૈસાની પોટલી મને આપી દે.’ ‘જરુર દીકરા રુપીયા એક લાખ તારા જ સમજ, પણ દીકરા, એ ત્રણ પાન જે ડાળી ઉપર હતા ત્યાં તું પાનને યથાસ્થાને જોડી આપ...ચોંટાડી આપ.’ ડાકુ વીમાસણમાં પડી ગયો. ડોશીએ કહ્યું : ‘દીકરા, તોડવાનું કામ તો સાવ સહેલું છે, પણ જોડવાનું કામ અઘરું અને કઠીન છે. એમ જ ધર્મો અને આપણા રાજનેતાઓ સર્વે તોડવાનું કામ કરે છે, જ્યારે આપણી આ સત્યશોધક સભા અને ‘સત્યાન્વેષણ’ જોડવાનું કામ કરે છે.’

ધર્મો આપણને અફીણ પાય છે, જ્યારે ‘રેશનાલીઝમ’ના વીચાર એ આપણા માટે પ્રાણવાયુ સમાન છે. રેશનાલીઝમ આપણને જીવવાનો સાચો રાહ-રસ્તો બતાવે છે.

દીકરીઓ, અહીંથી જે વીચારો લઈ જશો તે જીવનમાં ઘણા જ ઉપયોગી સાબીત થશે જરુર.

ઉપનીષદનો એક મંત્ર છે : ‘અમને ચારે દીશાએથી શુભ અને સુંદર વીચારો પ્રાપ્ત થાઓ :’ હું આ મંત્રને સહેજ મારી રીતે આ મુજબ લંબાવું છું :

‘અમને ચારે દીશાએથી ‘રેશનાલીઝમના શુભ અને સુંદર વીચારો પ્રાપ્ત થાઓ, જેથી અમારું જીવન સુખી, આનંદી અને નીરામય-દીર્ઘાયુ બની રહે !’

મારો કાવ્યસંગ્રહ : 'રેશનાલીઝમના દ્વારે ટકોરા'ના સંદર્ભે કેટલીક વાતો વાદ-વીવાદ સંવાદ કરીશું...

તમારી શાળાએ હું આવવા સ્કુટર લઈ નીકળ્યો ત્યારે મારી જ સોસાયટીમાં એક બીલાડી આડી ઉતરી. બીલાડીનું ઉતરવું એ કાંઈ અપશુકન નથી જ. એ તો એક કુદરતનું નીર્દોષ પ્રાણી છે, જે ખોરાકની શોધમાં અહીં-તહીં ભટકે છે. આ જ વાતને હું કાવ્યાત્મક રીતે રજુ કરું છું. દીકરીઓ...

'એક બીલાડી મંદીર
જવા નીકળી,
આડી ઉતરી
માણસ જાત ભુંડી,
એટલે અધવચથી
ઘરે પાછી જવા નીકળી.
એને મળી
બીજી બીલાડીબેન-
એને આવી
જોરથી છીંકાછીંક,
અપશુકન થયા માની
બીલાડીબેન
ફરી પાછી ઘેર જઈ, પછી મંદીર જવા નીકળી-
રસ્તે મળ્યા કુતરાભાઈ કાળા
બીલાડીને જોતાં જ
કુતરો ગયો ભાગી
ખોટી માન્યતાનો થયો લાભ !

તમારામાંથી કોઈનો હાજરી ક્રમાંક ૧૩ હશે. શું એ વીદ્યાર્થીનીને ગેરલાભ થતો હશે ? ના, બીલકુલ નહીં. તેર આંક શુભ જ છે. દીકરીઓ...

સંખ્યાના
બધા જ અંકો
શુભ હોય
૧૩ નો અંક

ખુમારીથી બોલ્યો :
અશુભ છે
માત્ર
તમારી
અંધશ્રદ્ધા પરની શ્રદ્ધા !

અત્રેથી હું મારી જ વાત કરીશ. મારો T.Y.B.Sc.માં વાર્ષીક પરીક્ષામાં નંબર હતો : 913. એ અંકોનો સરવાળો (9 + 1 +3 = 13) પણ તેર જ આવે, છતાંય હું વીશેષ યોગ્યતા સાથે B.Sc.માં પાસ થયો હતો. પત્ની પણ દ્વીતીય વર્ગમાં પાસ થઈ હતી. અમારું લગ્ન પણ તારીખ ૧૩મી એ થયું હોવા છતાંય લગ્નજીવન સુખી-આનંદી અને ટહુકતું રહ્યું છે જ. અંક કદીય શુભ, અશુભ હોઈ શકે જ નહીં.

અમે અને અમારા પુર્વજોએ કદીય ‘સત્યનારાયણ’ની કથા કરાવેલ નથી.

‘કોઈ પણ
વાનર કે અન્ય પ્રાણી જગત
‘સત્યનારાયણ’ની કથા કરાવતા નથી,
છતાં ય
પણ સૌથી વધુ સુખી તે
તંદુરસ્ત જીવન મળે છે !’

આપણી ચોથી જાગર ગણાતા વર્તમાનપત્રો જયોતીષશાસ્ત્રને વધુ પ્રાધાન્ય આપતા જણાયા છે, એ દુ:ખદ બાબત જ ગણવી રહી. ‘જ્યોતીષ અને આજનું ભવીષ્ય’ ને સ્થાને વર્તમાનપત્રોએ વીજ્ઞાન જગતને પ્રાધાન્ય આપવું જરુરી છે. જયોતીષ એ કોઈ વીજ્ઞાન નથી. એ એક કમાવાનું માત્ર શસ્ત્ર-સાધન જ છે. જયોતીષો દરીદ્ર કેમ હોય છે ?...એ આપણે વીચારવું રહ્યું. જેનો આત્મવીશ્વાસ ઓછો હોય તે વ્યકતીઓ આવા જયોતીષીઓની માયાજાળમાં ફસાતી હોય છે !

‘વર્તમાનપત્રોએ
ધાર્મીક પુર્તીના સ્થાને
‘વીજ્ઞાન’ પુર્તી’ બહાર પાડે તો જ
સાચા અર્થમાં
ચોથી જાગીર
વર્તમાનપત્રને કહી શકાય જરુર !’

* * * (અનુ. ટા. ૩ ઉપર)

**(અનુ. પાના નં. ૨૪ નું) )**

'વાસ્તુશાસ્ત્ર એ
પૈસા કમાવાની
પ્રપંચી
યુકતી-પ્રાયુકતી અને
ભોળા લોકોને
ભોળવવાની ચાલાકી જ છે
દીકરીઓ...!

* * *

વૈજ્ઞાનીક વીચારોના પ્રચાર-પસાર માટે મારી યુનીયન હાઈસ્કુલમાં વાર્ષીક 'વીજ્ઞાન અંક' બહાર પાડતો જે રીઝલ્ટ સાથે દરેક વીદ્યાર્થીને વીનામુલ્યે-૪૦ પાનાનું-વીજ્ઞાન જ્ઞાન મળતું. એ અંક હું એકલે હાથે જ તૈયાર કરતો. દર બુધવારે વીદ્યાર્થી દ્વારા 'વીજ્ઞાન-સમાચાર' પ્રસારીત કરાવતો. જેથી વીદ્યાર્થીઓને પ્રવર્તમાન વીજ્ઞાન-જ્ઞાનની માહીતી પ્રાપ્ત થાય.

આમ ધર્મગ્રંથોના ગપગોળાને બદલે વીજ્ઞાન સાહીત્ય વાંચી આપણે વીજ્ઞાનમય તંદુરસ્ત જીવન જીવીએ. નુતન રેશનાલીઝમ વીશ્વને સર્જીએ !

આપણે કોઈપણ વ્રત-ઉપવાસ કરવા નહીં. બાધા-આખડી રાખનારા અંધશ્રદ્ધાળુઓની આજે બહુમતી છે. આજના વૈજ્ઞાનીક જમાનામાં એમની ખોટ નથી...આથી વીજ્ઞાન બોલ્યું, 'ચાલો આપણે રેશનલ દાતરડાથી વાઢી નાંખીએ, જીવનના ખેતરમાંથી જીવનતંત્રનું નીંદામણ...ક્રોધ, ઈર્ષ્યા, વૈર, અજ્ઞાનનું !'

આપણે 'વસુધૈવ કુટુંબકમ્' માં માનીએ. 'જીવો અને જીવવા દઈએ' એ સુત્ર અપનાવીએ.

'કાબાનો પથ્થર
કાશીના રામજી મંદીરના
પથ્થરમાં
તાત્ત્વીક રીતે કોઈ જ
ભેદ નથી, એ નીર્જીવ
પથ્થરોમાં ય
ઉદાત્ત ગુણો છે...
(કાળા રંગના) સમાનતાનો !

આ બધું વધારે સમજવા માટે આપણે 'સત્યાન્વેષણ'ના ગ્રાહકો બનીએ ! માણસો મંદીરમાં પ્રાર્થના (ભીખ માંગવા) જતા હોય છે.' શું માંગતા હશે એ લોકો ?! આજકાલ તો ધાર્મીક સ્થળો છે માત્ર પૈસા કમાવાની હાટડીઓ જ ! **(વધુ ટા.-૨ ઉપર)**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of posta**

## યુક્રેનની મારીયા

યુક્રેનની મારીયા તામીલ-તેલુગુ-બે ભાષામાં પ્રદર્શીત થયેલ # SK 20 ફીલ્મમાં અભીનય માટે યુક્રેન પરના રશીયાના આક્રમણ પુર્વે ભારત આવી છે. હવે એનું કામ પુરું થયું છે. ત્યારે ‘ટાઈમ્સ ઓફ ઈન્ડીયા’એ એની મુલાકાત લીધી. આ મુલાકાત દરમીયાન યુક્રેન પરત જવાની એની તાલાવેલી એટલી બધી હૃદયસ્પર્શી દેખાઈ કે જે સાચી દેશભક્તીના દર્શન કરાવતી હતી. # SK20 માં એને જે પાત્રનો અભીનય કરવાનો આવ્યો તે પાત્રની પસંદગી કરવાના કારણ અંગે એને પુછવામાં આવ્યું ત્યારે તેમાં સાચા રેશનાલીઝમનાં દર્શન થયાં. એણે જણાવ્યું, ‘મેં જે પાત્રનો અભીનય કર્યો છે તે પાત્ર જાતીવાદ અને ભેદભાવ પરત્વે તીરસ્કાર દાખવે છે. એ રુઢીગતતાને ટેકો આપતું નથી. આપણા ઘણા મુળભુત અધીકારોમાં સૌથી વધારે અગત્યનો કોઈ મુળભુત અધીકાર હોય તો તે એ છે કે જાતી, રાષ્ટ્રીયતા કે એવા કોઈ પણ પરીબળને વચ્ચે લાવ્યા વીના આપણે જેને પ્રેમ કરવા માંગીએ છીએ તેને તે કરી શકીએ, અને તેની સાથે જીવન જીવી શકીએ. આ દરેકનો અંગત અધીકાર છે. કોઈએ પણ આવા પ્રેમીઓને છુટા પાડીને એમને દુ:ખી કરવા જોઈએ નહીં.’

## સી. વી. રામન પણ મહીલાવીરોધી હતા !

વૈજ્ઞાનીકો રેશનલ હોય જ એવું ધારી લેવું નહીં. તેઓ પોતાના ક્ષેત્રમાં પુર્વગ્રહરહીત સંશોધન કરતા હોય છે, અને સમાજને નવાં સંશોધનનાં નજરાનાં ધરતા હોય છે. એ માટે સમાજ એમનો રુણી બને છે. તેઓ માત્ર સફળ સંશોધક હોવા માત્રથી એમના જીવનમાં વૈજ્ઞાનીક અભીગમ અને રેશનાલીઝમ અપનાવે જ એવી ખાતરી મળતી નથી. ન્યુટન પણ એમના જીવનમાં ઘણી બાબતોમાં અવૈજ્ઞાનીક અભીગમ ધરાવતા હતા. આપણા નોબલ પુરસ્કૃત પ્રખર ગણીતશાસ્ત્રી સી. પી. રામનને પણ એવો પુર્વગ્રહ હતો કે વીજ્ઞાન અને તેમાંયે બાયોકેમીકલ્સમાં સંશોધન કરવા માટે મહીલાઓ ‘લાયક’ હોતી નથી. ઈ. સ. ૧૯૩૦માં મુંબઈ યુનીવર્સીટીમાં રસાયણશાસ્ત્ર અને ભૌતીકશાસ્ત્રની પરીક્ષાઓમાં પ્રથમ ક્રમે આવેલી કમલા સોહોનીએ રામનને એમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરવા દેવાની પરવાનગી માંગી ત્યારે રામને ‘મહીલાઓ તે માટે લાયક નથી’ નું કારણ આપી એની વીનંતીને ઠુકરાવી દીધી હતી ! કમલાએ પોતાના પ્રયત્નો છોડયા નહીં. એણે એક યા બીજી પોતાની રીતે રામનને સંમત થવા માટે પ્રયત્નો ચાલુ જ રાખ્યા. છેવટે રામન ‘રીઝયા,’ પરંતુ ત્રણ-ત્રણ કડક શરતો મુકી. જ્ઞાનપીપાસુ કમલાએ તે શરતો સ્વીકારી. એનું પાલન કર્યું. પરીણામે એ ભારતની પહેલી બાયોકેમીકલ્સમાં મહીલા પીએચ.ડી. બની. સલામ કમલાને !

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**